ઈ-મેઈલ/અગત્યનું

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૧/૧૭૬૪૧

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૨૭/૧૦/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : "ખાદી ફોર નેશન-ખાદી ફોર ફેશન" અંતર્ગત શિક્ષણ સાથે જોડાયેલ તમામ લોકોને વ્યક્તિગત/સામૂહિક રીતે ખાદી ખરીદવા તથા પહેરવા માટે પ્રેરિત કરવા બાબત.
સંદર્ભ : શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૨૨૦૨૧-૩૯૫-વ.૨, તા.૧૪/૧૦/૨૦૨૧

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, "ખાદી ફોર નેશન-ખાદી ફોર ફેશન" ના મંત્રને ચરિતાર્થ કરવા અંગે સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. આ કાર્યક્રમથી વણાટકામક્ષેત્રે કાર્યરત જરૂરિયાતમંદ લોકોને રોજગારી મળી રહે, આત્મનિર્ભર ભારત અભિયાનના ભાગ સ્વરૂપે સ્વદેશી વસ્તુઓ અપનાવવા માટે સૌ પ્રેરિત થાય તેવા ઉમદા હેતુથી ખાદી ખરીદવા તથા પહેરવા માટેનું અભિયાન શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત શિક્ષણ સાથે જોડાયેલ તમામ લોકોને વ્યક્તિગત/સામૂહિક રીતે ખાદી ખરીદવા તથા પહેરવા માટે પ્રેરિત કરવા માટે આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શાળાઓના શિક્ષકો, શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલ હોદ્દેદારો, આચાર્યો, વિદ્યાર્થીઓ અને બિનશૈક્ષણિક કર્મચારીઓને તેમજ આપની અને આપના તાબા હેઠળની કચેરીઓમાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓ/અધિકારીઓને વ્યક્તિગત/સામૂહિક રીત ખાદી ખરીદવા અને પહેરવા માટેના અભિયાનમાં સ્વેચ્છાએ બહોળી સંખ્યામાં સહભાગી થવા તથા આગામી તા.૨૫ ઓક્ટોબર ૨૦૨૧ ના રોજ સામૂહિક રીતે ખાદીના વસ્ત્રો પહેરવા સૌને પ્રેરિત કરવા આથી જણાવવામાં આવે છે.

(એચ.એન.ચાવડા)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

બિડાણ: સંદર્ભદર્શિત પરિપત્ર.

27/10/21

"ખાદી ફોર નેશન-ખાદી ફોર ફેશન" અંતર્ગત શિક્ષણ સાથે જોડાયેલ તમામ લોકોને વ્યક્તિગત/ સામૂહિક રીતે ખાદી ખરીદવા તથા પહેરવા માટે પ્રેરિત કરવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

પરિપત્ર ક્રમાંક:-પરચ-૧૨૨૦૨૧-૩૯૫-વ.૨

સચિવાલય, ગાંધીનગર

તારીખ: ૧૪/૧૦/૨૦૨૧

પ રિ પ ત્ર:

"ખાદી ફોર નેશન-ખાદી ફોર ફેશન"ના મંત્રને ચરિતાર્થ કરવા અંગે સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. આ કાર્યક્રમથી રાજ્યના વણાટકામ ક્ષેત્રે કાર્યરત જરૂરિયાતમંદ લોકોને રોજગારી મળી રહે, આત્મનિર્ભર ભારત અભિયાનના ભાગ સ્વરૂપે સ્વદેશી વસ્તુઓ અપનાવવા માટે સૌ પ્રેરિત થાય અને ખાદી ખરીદી માટે લોકો પ્રોત્સાહિત થાય તેવા ઉમદા હેતુથી ખાદી ખરીદવા તથા પહેરવા માટેનું અભિયાન હાથ ધરવાનું આયોજન કરવામાં આવેલ છે. આ અભિયાન અંતર્ગત શિક્ષણ વિભાગમાં ફરજ બજાવતા અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ તેમજ વિભાગ હસ્તકના ખાતાના વડાની કચેરીઓમાં ફરજ બજાવતા અધિકારીશ્રીઓ/કર્મચારીઓ તથા વિભાગ હેઠળની તમામ ક્ષેત્રિય કચેરીઓના અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ અને પ્રાથમિક/માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક તથા ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ સાથે સંકળાયેલ અને કાર્યરત તમામ શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલ હોદેદારો, આચાર્યો, પ્રાધ્યાપકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને બિન શૈક્ષણિક કર્મચારીઓને વ્યક્તિગત/સામૂહિક રીતે ખાદી ખરીદી અને પહેરવા માટેના અભિયાનમાં સ્વેચ્છાએ બહોળી સંખ્યામાં સહભાગી થવા તથા આગામી તા.૨૫મી ઓકટોબર,૨૦૨૧ના રોજ સામૂહિક રીતે ખાદીના વસ્ત્રો પહેરવા માટે સૌને પ્રેરિત કરવા આથી અપીલ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.વી.રાઠવા)

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ

પ્રતિ,

(૧) સર્વ અધિક સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી/ઉપ સચિવશ્રી/સેકશન અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.

(PTO)

(૨) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં ૯,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૩) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

(૪) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેક્ટર નં ૧૨ ગાંધીનગર

(૫) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૬) કમિશ્નરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી,બ્લોક-૨/૬ કર્મયોગી ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર.

(૭) કમિશ્નરશ્રી,મધ્યાહ્ન ભોજન યોજના,બ્લોક નં ૧૪, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૮) સ્ટેટ પ્રોજેક્ટ નિયામકશ્રી,સર્વ શિક્ષા અભિયાન,.સેક્ટર નં ૧૭ ગાંધીનગર.

(૯) સચિવશ્રી,માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ,સેક્ટર નં ૧૦બી, ગાંધીનગર.

(૧૦) નિયામકશ્રી,સાક્ષરતા અને નિરંતર શિક્ષણ,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

(૧૧) નિયામકશ્રી,ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ,સેક્ટર-૧૦,ગાંધીનગર

(૧૨) સચિવશ્રી ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર ૨૧ ગાંધીનગર.

(૧૩) નિયામકશ્રી એન.સી.સી. હનુમાન કેમ્પ, કેન્ટોનમેન્ટ એરીયા,અમદાવાદ.

(૧૪) નિયામકશ્રી શૈક્ષણિક ટેકનોલોજી ભવન, અમદાવાદ.

(૧૫) સચિવશ્રી, ગુજરાતશૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ, અમદાવાદ

<u>સવિનય નકલ રવાના જાણ સારૂ.</u>

(૧) માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી. રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)

(૨) માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૧. સચિવાલય, ગાંધીનગર.

(૩) માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૪) માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય,સ્વર્ણિસંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૫) માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય ગાંધીનગર.

(૬) માન.રા.ક.મંત્રીશ્રી(ઉ. અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય ગાંધીનગર

(૭) માન.રા.ક.મંત્રીશ્રી(પ્રા.અને મા.શિ.)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય ગાંધીનગર.

(૮) અગ્ર સચિવશ્રી (શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.

(૯) સચિવશ્રી (પ્રા.અને મા.શિ.) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર

જા.ન/૨૦૨૧/૧૪૬૭૬

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઈન્સ,સુરત
તા.૨૦/૧૦/૨૦૨૧

પ્રતિ,
સુરત જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચ.માધ્યમિક શાળાઓ તરફ
સુરત

૨/- નકલ રવાના જાણ તથા જરૂરી અમલવારી સારૂ.

(એચ.એચ.રાજ્યગુરુ)
જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત,જિલ્લો-સુરત